## શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ,મુંબઈ.

### વ્યાખ્યાનમાળા - ૨૦૨૨/૨૩

### જૈન ધર્મના વૈજ્ઞાનિક સત્યો/તથ્યો અને તેનું વ્યવહારિક જીવનમાં અનુસરણ

### વ્યાખ્યાન-૧૯ જૈન કોસ્મોલોજી વર્સીસ મોર્ડન યુનિવર્સ-૨

**વ્યાખ્યાતા- આચાર્ય શ્રી નંદિઘોષસૂરીજી મહારાજ**

**તારીખ –૨૮/૦૪/૨૦૨૩**

Since our Earth is Disc like flat, there is no possibility of thousands of man made satellites circling round our earth. જો આપણી પૃથ્વી રકાબી જેવી સપાટ હોય તો હજારો કૃત્રિમ ઉપગ્રહો તેની આસપાસ કઈ રીતે પરિભ્રમણ કરે છે? there are actually more than 9000 satellites of different countries, doing different functions, like spying, weather forecasting, scientific research etc, circling round the Earth. One International Station is also orbiting earth.) વિવિધ દેશોના 9000 કરતાં પણ વધુ કૃત્રિમ ઉપગ્રહો પૃથ્વીની આસપાસ પરિભ્રમણ કરે છે અને તેના દ્વારા હવામાનની આગાહી, જાસુસી અને વૈજ્ઞાનિક સંશોધનો કરવામાં આવે છે. એક અવકાશી મથક પણ પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે. આ રીતે પૃથ્વીની પ્રદક્ષિણા કરતા જે પદાર્થો છે એ કઈ રીતે જો પૃથ્વી રકાબી જેવી હોય તો કઈ રીતે કઈ પરિભ્રમણ કરી શકે આ એક મહત્વનો પ્રશ્ન છે.

કેટલાક લોકો એવી દલીલ કરે છે કે બધા જ ઉપગ્રહો કેવલ પૂર્વ-પશ્ચિમ જ પ્રદક્ષિણા કરે છે. પરંતુ ઉત્તર-દક્ષિણ પ્રદક્ષિણા કરી શકતા નથી. પણ તેઓની આ દલીલ તદ્દન ખોટી છે. ઘણા વર્ષોથી સાંભળવામાં આવી છે. પૃથ્વી પર્વત આકારની છે એટલે પૂર્વ પશ્ચિમ જઈ શકે પણ ઉત્તર ધ્રુવ માં જઈ શકે દક્ષિણ ધ્રુવ માં જઈ શકાય નહીં. ઉત્તર દક્ષિણમાં પ્રદક્ષિણા કરનાર ઉપગ્રહો નથી પણ આ દલિલ એમની એકદમ ખોટી છે. અહીં દર્શાવેલ રોકેટ ઈસરો નું રોકેટ છે અને આ રોકેટ ઉત્તર-દક્ષિણ પ્રદક્ષિણા કરનાર ઉપગ્રહોને અવકાશમાં લઈ જાય છે, તેનું નામ Polar Satellite, Launching Vehicle (PSLV) છે, અર્થાત પૃથ્વીની ઉત્તર-દક્ષિણ

પ્રદક્ષિણા કરનાર ઉપગ્રહને છોડવા માટે જ રોકેટનો ઉપયોગ થાય છે. એટલે રોકેટ પણ જે પ્રકારનો ઉપગ્રહ હોય એ પ્રકારે બને છે. તો અહીં ઉત્તર દક્ષિણ પ્રદક્ષિણા કરતા જે સેટેલાઈટ છે એનું આ રોકેટ બતાવવામાં આવ્યું છે એટલે પૃથ્વીની ઉત્તર દક્ષિણ પ્રદક્ષિણા કરતા ઉપગ્રહો અસ્તિત્વમાં છે વળી આ રોકેટ પણ ભારતીય અવકાશી સંસ્થા ઈસરોએ બનાવેલું છે.

Lord Mahavira crossed river Ganga near Shvetambari Nagari, (That Ganga river is still located there. But it is not even 1 yojan wide, as against the 62 yojan width, mentioned in jD Pragyapti Sutra. ) ભગવાન મહાવીરે શ્વેતાંબી નગરી પાસે જે ગંગા નદી પાર કરી હતી, તે ગંગા નદી તો એક યોજન કરતાં પણ ઓછી પહોળી છે, જ્યારે જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં ગંગા નદીને 62 યોજન પહોળી બતાવી છે.

King Udayan, whose empire was on the bank of River Sindhu, was initiated in monkhood by Lord Mahavira. (That Sindhu river is still flowing there, but it is not even I yojan wide, as against the 62 yojan width mentioned in JD Pragyapti Sutra.) Roy નદીના કિનારે રાજા ઉદયનનું રાજ્ય હતું. તે સિન્ધુ નદી અત્યારે પણ ત્યાં જ છે, પરંતુ તે એક યોજન કરતાં પણ ઓછી પહોળી છે, એટલે કે ગંગા અને સિંધુ નદી બતાવવામાં આવ્યા છે અને ભૌગોલિક છે ગંગા અને સિંધુ નદી છે એ બંને એક નથી એવું સિદ્ધ થાય છે એ એટલે આ બંને નદી અલગ અલગ હોય એવું આપણે સ્વીકારવું પડે છે.

Thanaang Sutra mentions names of 5 main tributaries of each of Ganga and Sindhu Rivers, (All these rivers exist today also. But the width of Ganga and Sindhu rivers do not match with those mentioned in 3D Pragyapel Sun.) સ્થાનાંગ સૂત્રમાં ગંગા અને સિન્ધુ નદીમાં ભળતી પાંચ પાંચ નદીઓ બતાવી છે. તે પ્રમાણે અત્યારે મળે છે પરંતુ ગંગાસિન્ધુની પહોળાઈ તેટલી નથી.

People of Bharat Kshetra cannot cross over now a days from one Khands to other handn. ભરતક્ષેત્રના મનુષ્યો એક ખંડમાંથી બીજા ખંડમાં જઈ શકતા નથી. જ્યારે અત્યારે લોકો પૃથ્વી પરના એક ખંડમાંથી બીજા ખંડમાં જઇ શકે છે. (We can reach to every part of the Earth by Air) એટલે આ રીતે બંને વચ્ચે તફાવત રહેલો છે

iNorth of BK, there are continuously several connected Earths, every one of which forms a pair of plain-mountain. (We do not see any such type of symmetrical structure on Earth) ભરતક્ષેત્રની ઉત્તર લોક પૃથ્વીએ અર્થાત ક્ષેત્ર અને પર્વતો દર્શાવ્યા છે પરંતુ વર્તમાન પૃથ્વી ઉપર એવું કાંઇ જ છે નહી. અને ભારતની દક્ષિણની પાસે ઓસ્ટ્રેલિયા દક્ષિણ આફ્રિકા એ બધા ખંડો પણ ભારતની દક્ષિણે આવેલા છે એટલે આ બે વસ્તુ પરસ્પર વિરુદ્ધ છે.

એસ્ટ્રોનોમીની વાત કરીએ તો The Moon is farther from the Earth than the nearest Star from it. જૈન ખગોળ પ્રમાણે પૃથ્વીથી સૌથી નજીક તારાઓ છે. તે પછી ચંદ્ર છે. જ્યારે આધુનિક ખગોળ પ્રમાણે ચંદ્ર પૃથ્વીથી નજીક છે અને તારાઓ ઘણા દૂર છે. (As per science,Stars are far far away from the Earth than the Moon) તો આ પરસ્પર વિરોધી છે.

The Moon is farther from the Earth than our Sun. (As per science Moon is nearer to the Earth than the Sun) જૈન ખગોળ પ્રમાણે સૂર્ય પૃથ્વીથી નજીક છે અને ચંદ્ર દૂર છે, જ્યારે આધુનિક ખગોળ પ્રમાણે ચંદ્ર પૃથ્વીથી નજીક છે અને સૂર્ય ઘણો દૂર છે. અને પોણા ત્રણ લાખ કિલોમીટર દૂર છે

Mars is farther from the Earth than Jupiter. (As per science, Mars is nearer to Earth than Jupiter) જૈન ખગોળ પ્રમાણે પૃથ્વીથી ગુરુ નજીક છે અને મંગળ દૂર છે, જ્યારે આધુનિક ખગોળ પ્રમાણે મંગળ નજીક છે અને ગુરુ દુર છે આ પરસ્પર વિરોધી છે.

Size of Stars is less than 10 Yojan. (As per science, diameters of Stars are thousands of Yojan ) જૈન ખગોળ પ્રમાણે તારાઓ 10 યોજન કરતાં પણ નાના છે, જ્યારે આધુનિક વિજ્ઞાન પ્રમાણે હજારો યોજનના વ્યાસવાળા છે.

Man cannot reach Moon or send his equipment there. (Man has already sent his equipment there) જૈન ખગોળ પ્રમાણે ચંદ્ર દેવનું વિમાન છે અને મનુષ્ય ત્યાં જઈ શકે નહિ, જ્યારે આધુનિક વિજ્ઞાનમાં મનુષ્ય ચંદ્ર ઉપર પહોંચ્યો છે અને અન્ય સાધનો પણ મોકલ્યા છે

અને તે મોકલનારમાં ઈસરોના જૈન વિજ્ઞાનીઓ પણ છે. એપોલો 11 જે ચંદ્ર ઉપર ગયું હતું એનું ચિત્ર અહીં બતાવવામાં આવ્યું છે. ઘણા બધા નું કહેવું એવું છે કે અમેરિકાના નેવાડા ની અંદર ઘરમાં આ ફોટોગ્રાફી કરેલી છે, તો આ વાત તદ્દન ખોટી છે પરંતુ આ સાથે સાયન્ટિસ્ટોના પણ ફોટોગ્રાફ અહીં આપવામાં આવ્યા છે ડોક્ટર નરેન્દ્ર ભંડારી ડોક્ટર સુરેન્દ્ર સિંહ પોખરણ અને ડોક્ટર રાજમલજી જૈન આ ત્રણે ઇસરોના સાયન્ટિસ્ટ છે અને ભંડારી સાહેબે તો પ્રવચન પણ આપેલું છે અને એમનો અત્યારે પોતાનું નવરંગપુરામાં એક ઓફિસ પણ કરેલ છે એમાં મુનયાન જે પહેલું મોકલવામાં આવ્યું હતું એનું જે ડિઝાઇન છે એનું જે મોડલ છે વર્ક છે તે અત્યારે પણ છે અને જે કોઈપણ આવે એની એની દર્શન અને સમજ આપવામાં આવે છે એટલે આ રીતે આપણા જૈન વૈજ્ઞાનિકો પણ ચંદ્ર યાત્રાની અંદર સંકળાયેલા છે એટલે ચંદ્ર પર મનુષ્ય જઈ શકતું નથી આવી વાત છે આપણા માટે બહુ વિરોધાભાસ સર્જે છે.

The duration of any Day and Night could not be longer than 18 Muhurta ( 14 hrs 24 Min.) on Earth.(But there are several such places on Earth having longer days and nights. How to understand them?)

જૈન શાસ્ત્રો પ્રમાણે પૃથ્વી ઉપર અર્થાત્ જંબુદ્રીપમાં કે ભરતક્ષેત્રમાં દિવસ કે રાત્રિ માત્ર અઢાર મુહૂર્ત એટલે કે 14 કલાક, 24 મિનિટથી વધુ મોટા હોતા નથી. જ્યારે વર્તમાન પૃથ્વી ઉપર અમુક પ્રદેશોમાં બે, ત્રણ, ચાર કે પાંચ-છ મહિના લાંબા દિવસ-રાત્રિ હોય છે. આ પણ પરસ્પર વિરુદ્ધ છે.

Two Suns and two Moons are revolving round Meru Parvat in JD, which form Day and Night in Bharat Kshetra. (Earth's rotation around its Axis form the Day and night)

જૈન શાસ્ત્ર પ્રમાણે જંબુદ્વીપમાં બે સૂર્ય અને ચંદ્ર છે, જેના કારણે રાત્રિ-દિવસ થાય છે, જે સૂર્ય આજે ઉગે છે એ કાલે ઉગતો નથી અને પરમ દિવસે ઉગે છે એવું આપણે ત્યાં સામાન્ય રીતે બધી વાત કરવામાં આવે છે તો આ રીતે જેના કારણે રાત્રે દિવસ થાય છે જ્યારે વર્તમાન વિજ્ઞાન પ્રમાણે પૃથ્વી તેની ધરી ઉપર 24 કલાકમાં એક ચક્ર ફરે છે, તેથી રાત્રિ-દિવસ થાય છે. અને સૂર્ય ફક્ત એક જ છે સોરી સૂર્ય બે નથી ચંદ્ર બે નથી એ બંને એક એક જ છે. આ

રીતે જે બે સૂર્ય અને ચંદ્રની વાત આવે છે તે આધુનિક ભૂગોળ કે ખગોળ એની સાથે મેળ મળતો નથી વળી આધુનિક વિજ્ઞાન ઘણા સૂર્ય અને ચંદ્રમા માને છે ખરું પણ આપણી જે ગ્રહ માળા છે એ પ્રમાણે બીજી પણ ઘણી બધી ગ્રહ માળાઓ આવેલી છે એટલે એ પ્રમાણે દરેકનો પોતાનો સ્વતંત્ર સૂર્ય અને એની આજુબાજુ એક ગ્રહો વગેરે પ્રદક્ષિણા કરે છે અને આવી જે ગ્રહ માળા છે એ આપણી જે પૃથ્વી છે એના કરતાં એ પૃથ્વીથી કદાચ હજારો લાખો પ્રકાશ વર્ષ દૂર આવેલા છે એ જે અસંખ્યતા સૂર્ય અને ચંદ્રની વાત વૈજ્ઞાનિકો બતાવે છે અને આપણા જૈન દર્શનમાં બતાવવામાં આવે છે તે એ બંને પરસ્પર વિરોધી છે.

Narka Loka is below our Ratna prabhā Earth, 1st Narka is downward extension of the Bharat Kŝetra.(As per science, Satellites are orbiting our Earth, i.e. have been going below the Bharat Kŝetra. But they do not come across any Narka Loka below us, except the two modern Americas.)

સૌથી મહત્વની વાત છે નરક અને દેવલોક.જૈન શાસ્ત્ર પ્રમાણે આપણી રત્નપ્રભા પૃથ્વીની નીચે નરક પૃથ્વી અને પ્રથમ નરક પૃથ્વી ભરતક્ષેત્રની નીચે આવેલી છે, જ્યારે વર્તમાન વિજ્ઞાન પ્રમાણે આપણા ભારત દેશની નીચે પૃથ્વીની બીજી તરફ અમેરિકા છે અને આપણે ત્યાં જઈ શકીએ છીએ. પૃથ્વીને જો ખોદવામાં આવે તો એના પેટાળમાંથી લાવારસ સિવાય બીજું કંઈ નીકળતું નથી એટલે નરક જે પૃથ્વીની નીચે છે એવી જે વાત છે એ પણ પરસ્પર વિરોધી છે.

જો પૃથ્વી સપાટ હોય તો બે ભિન્ન શહેરોના સૂર્યોદય-સૂર્યાસ્તના તફાવતને કઈ રીતે સમજાવશું? સપાટ હોય જો પૃથ્વી સપાટ હોય તો બધી જગ્યાએ સૂર્યોદય અને સૂર્યાસ્ત એક સમયે થાય જ્યારે વર્તમાન પૃથ્વી ઉપર સૂર્યોદય અને સૂર્યાસ્તના દરેક સમય ના તફાવત અલગ અલગ છે અલગ અલગ સમય હોય છે

જૈન ખગોળશાસ્ત્રમાં બે રાહુ છે. 1. નિત્ય રાહુ અને , 2. પર્વ રાહુ,
નિત્ય રાહુ જે ચંદ્રની કળાનું કારણ છે. એટલે કે બીજા દિવસે જે ચંદ્ર દેખાય છે એ ત્રીજા દિવસ કરતાં મોટો દેખાય છે ચોથ પાંચમ આગળ વધતા પૂનમને દિવસે આખું ચંદ્ર દેખાય અને

એના પછી વદમાં ધીરે ધીરે એ ક્ષીણ થતો જાય અને અને અમાસના દિવસે સંપૂર્ણ દેખાતો બંધ થાય છે. તો આ રીતે એમ કહેવામાં આવે છે કે પર્વ રાહુ છે એનું વિમાન આ રીતે ચંદ્રની નીચે આવે છે એટલે આ રીતે ચંદ્રની વિવિધ કળાઓ થાય છે. પરંતુ આ જે વાત બતાવવામાં આવી છે કે આવું નિત્ય રાહુ ના કારણે થાય છે એવું બતાવવામાં આવ્યું છે જ્યારે આધુનિક વિજ્ઞાન એમ કહે છે કે પૃથ્વીની આજુબાજુ ચંદ્ર ફરે છે અને ચંદ્ર પણ પ્રકાશિત છે અને ચંદ્ર ઉપર સૂર્યનો પ્રકાશ પડે છે અને જેટલા ભાગમાં સૂર્યનો પ્રકાશ પડે છે એટલો ભાગ આપણને પ્રકાશિત દેખાય છે જ્યારે પૂનમની દિવસે પૃથ્વીની એક બાજુ સૂર્ય હોય અને બીજી બાજુ ચંદ્ર હોય પૃથ્વી વચ્ચે હોય છે ત્યારે ચંદ્ર ઉપરનો જે પ્રકાશિત ભાગ છે એ સંપૂર્ણ પૃથ્વી તરફ હોય છે માટે પૂર્ણિમાના દિવસે સંપૂર્ણ ચંદ્ર દેખાય છે જ્યારે અમાસના દિવસે સૂર્ય જે દિશામાં હોય છે એ જ દિશામાં ચંદ્ર હોય છે એટલે ચંદ્રની પ્રકાશ ની દિશા એ સૂર્ય તરફ હોય છે અને અંધકાર વાળો જે ભાગ છે આપણી તરફ હોય છે એટલા માટે અમાસના દિવસે ચંદ્ર દેખાતો નથી તો આ રીતે આધુનિક વિજ્ઞાન કહે છે તો જૈન ખગોળશાસ્ત્ર પ્રમાણે પર્વ રાહુ તેનું કારણ છે .જોવાની ખૂબી એ છે કે ચંદ્ર ના જે રાશિ અંશ કળા હોય પર્વ રાહુના રાશિ કલા અંશ હોવા જોઈએ ટીનાજી પંચાંગ આવે છે એ પંચાંગ પ્રમાણે રાહુ એ એક રાશિની અંદર હજાર મહિના રહે છે જ્યારે ચંદ્ર એક મહિનાની અંદર બારે રાશિ માં રહે છે .આ રીતે પર્વ રાહુ પણ ચંદ્રની સાથે બારે રાશિ એક મહિનામાં  ફરે છે જ્યારે જ્યોતિષશાસ્ત્ર નો દાવો છે એક મહિનામાં એક રાશિની અંદર 18 મહિના રહે છે. જ્યોતિષશાસ્ત્ર નો રાહુ પર્વ રાહુ પણ નથી અને નિત્યરાહુ પણ નથી પર્વ રાહુ એક ગ્રહણ કરે છે. પણ પ્રેક્ટીકલી આવું જોવામાં આવતું નથી જય જય શાસ્ત્રના આ બંને રાહુઓ એસ્ટ્રોલોજીના રાહુ કરતા અલગ છે એટલે એસ્ટ્રોલોજી રાહુ બતાવવામાં આવ્યું છે એ આના કરતાં ભિન્ન છે માટે ત્રણ રાહુ નક્કી થઈ શકે છે. એટલે આ એક મોટો પ્રશ્ન છે કારણ કે સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ વખતે સૂર્ય કે ચંદ્રના રાશિ અંશ કળા જેટલા રાશિ અંશ કળા તેના હોતા નથી. તેથી જ્યોતિષશાસ્ત્રનો રાહુ ત્રીજો રાહુ ગણાય.

આધુનિક વિજ્ઞાન પ્રમાણે ચંદ્રની કળાનું કારણ તેનું પૃથ્વીની આસપાસ થતુ પરિભ્રમણ છે. જ્યારે સૂર્યગ્રહણનું કારણ પૃથ્વી અને સૂર્યની વચ્ચે સમપંક્તિમાં આવેલ ચંદ્ર છે. તે જ રીતે

ચંદ્રગ્રહણનું કારણ સૂર્ય અને ચંદ્રની વચ્ચે પૃથ્વી સમપંક્તિમાં આવતા પૃથ્વીના પડછાયામાં ચંદ્ર આવી જાય છે તેથી ચંદ્ર દેખાતો નથી. અલબત્ત, કેટલાક સંજોગોમાં ચંદ્ર ઝાંખો ઝાંખો પણ દેખાય છે. રાહુનું વિમાન ચંદ્રને ઢાંકી દેતું હોય તો ચંદ્ર જાખો  દેખાવો ના જોઈએ કારણ કે રાહુનું વિમાન છે એ અર્ધપારદર્શક નથી. તો રાહુનું વિમાન અર્ધપારદર્શક નથી. તેથી જૈન દર્શનની નિત્ય રાહુ અને પર્વ રાહુની વાત યોગ્ય જણાતી નથી. આ રીતે આધુનિક વિજ્ઞાન અને જૈનશાસ્ત્રનું વિજ્ઞાન એમાં પરસ્પર વિરોધાભાસ આવે છે.

એક મહત્ત્વનો પ્રશ્ન એ પણ છે કે જો પૃથ્વી સ્થિર અને ચપટી હોય તો ભ્રમણકક્ષામાં રહેલ સંદેશાવ્યવહારના ઉપગ્રહ સ્થિર કઈ રીતે રહી શકે?
પૃથ્વીની ભ્રમણ કક્ષામાં રહેલા પૃથ્વીથી ઉપર જીઓ અને એ ઓર્બિટ ની અંદર ત્રણ ઉપગ્રહો ગોઠવવામાં આવેલા હોય છે અને એ સમગ્ર પૃથ્વીને કવર કરે છે અને પૃથ્વીના કોઈપણ વિભાગમાંથી જે ઈલેક્ટ્રીક મેગ્નેટિક વેવ્સ ટીવી રેડિયો કે કે મોબાઈલના એને સેટેલાઈટ દ્વારા ગ્રહણ કરે છે અને પૃથ્વીના બીજા ભાગ ઉપર એ મોકલે છે. જો પૃથ્વી  સ્થિર હોય અને ચપટી હોય તો સેટેલાઈટ પણ સ્થિર હોવા જોઈએ આધુનિક વિજ્ઞાન પ્રમાણે પૃથ્વી પોતાની ધરી ઉપર ગોળ ગોળ ફરે છે એની સાથે આ સેટેલાઈટ પણ ફરે છે એટલે એ ભ્રમણ કક્ષામાં હોય છે ત્યારે સેટેલાઈટ પણ પરિભ્રમણ કરતા હોય છે અને જ્યારે સેટેલાઈટ પરિભ્રમણ કરે છે ત્યારે પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ એને નીચે લાવવા માટે પ્રયત્ન કરે છે અને સેટેલાઈટ ની જે ગતિ છે એને પૃથ્વીથી દૂર લઈ જવા માટે પ્રયત્ન કરે છે. વિજ્ઞાનની પરિભાષામાં એમ કહેવાય કેન્દ્ર બળ અને કેન્દ્રત્યાગી બળ બંને એક સરખા આવે છે એટલે સેટેલાઈટ ભ્રમણ કક્ષાની ગોળ ગોળ ફરે છે એ નીચે આવતું નથી જ્યારે જૈન દર્શન પ્રમાણે તત્ત્વાર્થ સૂત્રના છેલ્લા શ્લોકોમાં કહ્યું છે કે અધોગૌરવધર્માણઃ, પુદ્ગલાઃ ઇતિ નોદિતમ્ પુદગલ નો સ્વભાવ છે કે નીચે આવવું. સેટેલાઈટ જો પૃથ્વી સ્થિર હોય તો સેટેલાઈટ પણ સ્થિર માનવા પડે અને સ્થિર હોય તો એ એ નીચે આવતા નથી એનો મતલબ એ કે એ જગ્યા એ સેટેલાઈટને 36 હજાર કિલોમીટર અંતર સ્થિર રાખનાર પરિબળ કયું છે એ બહુ મહત્વનો પ્રશ્ન છે.

આપણી વર્તમાન પૃથ્વીનું જંબૂદ્વીપમાં સ્થાન ક્યાં છે? કેટલાક એમ કહે છે કે જંબુદ્વિપ એ જ પૃથ્વી છે. બીજો પ્રશ્ન એ છે કે જંબુદ્વીપ જ વર્તમાન પૃથ્વી છે કે ભરતક્ષેત્ર વર્તમાન પૃથ્વી છે? કારણ કે વર્તમાન પૃથ્વીના કોઈ પ્રદેશનો ઉલ્લેખ આવતો નથી. ભરતક્ષેત્રના મધ્યભાગમાં છે કે નૈઋત્ય ખૂણામાં લવણ સમુદ્ર પાસે છે કારણ કે અરબી સમુદ્રનું પાણી ખારું છે, જો તે લવણ સમુદ્ર હોય તો જંબુદ્રીપ અને લવણ સમુદ્રને અલગ કરતી જગતી અર્થાત્ દિવાલ ક્યાં છે? હવે દુનિયામાં સમુદ્ર અને પૃથ્વીને અલગ કરતી દિવાલો ક્યાંય પણ નથી અને એ હોઈ શકે નહીં. આજે જગતી દિવાલ બતાવવામાં આવી છે આપણે સમજીએ કુદરતી રીતે શાશ્વત સ્વરૂપે કોઈપણ દરિયા અને જમીન વચ્ચે આવી કોઈ દિવાલ ક્યાંય જોવા મળતી નથી.જબુદ્વીપ અને લવણ સમુદ્રની વચ્ચે એ માત્ર એક જાતની કલ્પના છે તો એક મેપ તરીકે એનું સ્વરૂપ સમજીએ તો આ બધા પ્રશ્નોના જવાબ આપણને મળી શકે એમ છે.

જેવો પૃથ્વીના સ્થાન સંબંધી પ્રશ્ન છે, તેવો જ આકાર સંબંધી પ્રશ્ન છે. જો વર્તમાન પૃથ્વી ભરતક્ષેત્રમાં હોય તો તેનો આકાર કેવો છે? થાળી જેવો ગોળ છે કે પર્વત જેવો ગોળ છે? જો થાળી જેવો હોય તો સૂર્યોદય અને સૂર્યાસ્ત એક સમયે થવા જોઈએ કારણ કે દડા જેવી ગોળ તો જૈન વિદ્વાનો માનતા નથી. તે અંગે શાસ્ત્રમાં કોઈ સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી. એટલે મોટા ભાગના જૈન સાધુઓ વર્તમાન પૃથ્વીને થાળી જેવી ગોળ કહે છે કારણ કે ચિત્રમાં હંમેશા બે જ પરિમાણ—લંબાઈ અને પહોળાઈ દર્શાવી શકાય છે. ચિત્રમાં ઊંડાઈ કે જાડાઈ દર્શાવી શકાય નહીં એટલે ત્રીજું જે પરિમાણ છે એ બતાવી શકાતું નથી એટલે ચિત્રકારોએ જંબુદ્વિપ કે ભરત ક્ષેત્રને ચપટા બતાવ્યા હોય અને એના કારણે આપણે એમ સમજીએ કે પૃથ્વી ચપટી છે એવું આપણે કહેતા હોઈએ તો વાત જુદી છે. તો આ રીતે પૃથ્વી આકાર પણ એ બહુ મોટો પ્રશ્ન છે. તો કેટલાક સાધુઓ પૃથ્વીને પર્વત આકારની માને છે કારણ કે જો પર્વત આકારની ન માને તો તો ભારત અને અમેરિકા વચ્ચેનો જે 12 કલાકનો ડીફરન્સ છે એ સમજાવી શકાય એમ નથી

આધુનિક વિજ્ઞાન પ્રમાણે ગ્રહ દ્વારા તારાનું ગ્રહણ થતું જોવા મળે છે, જ્યારે જૈનદર્શન પ્રમાણે તારા સૌથી નીચે છે અને ગ્રહો તેની ઉપર છે તો નીચે રહેલ તારાનું ઉપર રહેલ ગ્રહ દ્વારા કઈ રીતે ગ્રહણ અર્થાત્ પિધાન યુતિ થાય છે? એટલે કે ગ્રહો દ્વારા તારાનું ગ્રહણ થાય છે તો આ રીતે વિરોધાભાસ આવે છે.

ઓસ્ટ્રેલિયા વગેરે દેશામાં ઋતુઓ આપણા કરતાં સાવ વિરુદ્ધ છે, તેનું શું કારણ?

વિષુવવૃત્ત ઉપર 12-12 કલાકના દિવસ રાત કાયમના છે, તે કઈ રીતે હોય છે?

ધ્રુવનો તારો શું મેરૂ પર્વતનું શિખર છે?

લોકના ચિત્રમાં ઉપરના ભાગે દેવલોક બતાવ્યા છે, તે ખરેખર ક્યાં છે? કે આપણે ઉપર જોઈએ તો આપણને આકાશ સિવાય બીજું કંઈ મળતું નથી. અસંખ્યા યોજન ઉપર છે એટલે આપણે એને જોઈ શકાય નહીં તે જ રીતે પૃથ્વીની નીચેના ભાગે ભવનપતિ, વ્યંતર દેવોના સ્થાન બતાવ્યા છે, તે ક્યાં છે? હા વ્યંતર નિકાયના જે દેવો છે ભૂતપ્રેત જે કહેવાય છે એ આપણા પૃથ્વી ઉપરના અમુક જંગલો કે વૃક્ષો ઉપર એ જોવા મળે છે. એનો અનુભવ કેટલાકને થયો હશે થાય છે પણ એના માટેના જે સ્થાન નીચે બતાવવામાં આવ્યા છે પૃથ્વીની નીચે એ કઈ રીતે હોઈ શકે તો આ બધા પ્રશ્નો છે. જે પ્રશ્નો બતાવે એનું સોલ્યુશન આપણને મેળવવાનું છે.

ભગવાન મહાવીર કેવળજ્ઞાની હતા અને કેવળ જ્ઞાનનો વિષય છે સર્વ દ્રવ્યના સર્વ પર્યાયો .છ દ્રવ્યો ની અંદર મુખ્ય બે દ્રવ્યો છે આત્મદ્રવ્ય છે એટલે જીવ દ્રવ્ય. અને બીજા જે દ્રવ્ય છે એ પુદગલ દ્રવ્ય છે. એટલે આત્મા પણ અનંતતા છે એવી રીતે પુદગલ પરમાણુ પણ અનંત છે એટલે એમાંથી જે નિષ્પન્ન થતા પદાર્થો છે એ પણ અનંત છે આ રીતે અનંતા જે પદાર્થો છે એના પાછા અનંત પર્યાયો સમય બદલાય એમ એનો પર્યાય પણ બદલાય છે પદાર્થોનું પ્રત્યેક સમયે પદાર્થનું પર્યાય બદલાય છે.

ભગવાન મહાવીર તો કેવળજ્ઞાની હતા તેથી અપિરમિત વિશ્વ અને તેમાં રહેલ અનંતા પદાર્થોનું પ્રત્યક્ષ સ્વરૂપ જાણતા હતા પરંતુ તે બધા જ પદાર્થોને તેના અસલ સ્વરૂપમાં બતાવવું અને લોકોને એનું જ્ઞાન આપવું તો કઈ રીતે? પદાર્થનું જ્ઞાન આપવા જાય તો એટલો

સમય નથી એટલું આયુષ્ય નથી એટલે સાથે સાથે વાણીની શબ્દની પણ મર્યાદા હોય એટલે એક સામટું બધા જ પદાર્થોનું જ્ઞાન આપવું હોય તો એમને કેટેગરી વાઈઝ ડિવાઇડ કરીને સંક્ષેપમાં ભિન્ન ભિન્ન વિભાગ કરી તેઓએ સાંખ્યિકી સ્વરૂપે અર્થાત્ પિક્ટોગ્રાફ પદ્ધતિ દ્વારા દર્શાવ્યું. તે પણ મૌખિક હતું. કોઈ એમ કે કે જે કંઈ પણ છે એ જમ્બુદીપ પ્રમાણે હોવું જોઈએ પણ એવું નથી કારણ કે જમ્બુ દ્વીપ નો નકશો મહાવીર સ્વામી એ બતાવ્યું નથી. એમણે લોકનું બ્રહ્માંડનું વર્ણન કર્યું ત્યારે એ મૌખિક કરેલું છે અને મૌખિક પરંપરામાં દેવાધીગણીક્ષમાં શ્રમણ ની 980 વર્ષ પહેલાની છે અને એક એ પછી તાડપત્ર ઉપર લખવામાં આવી એટલે 980 વર્ષ સુધી મૌખિક રહ્યું છે અને મૌખિક પરંપરામાં ક્યાંય ખરા ચિત્રો આવી શકે નહીં એટલે આજે 14 રાજલોકના નકશા છે. જબુદ્વીપના જે નકશા છે દેવલોક અને નરક જે બતાવવામાં આવ્યા છે એ 1000 વર્ષ પછી જે આચાર્ય ભગવાનતો થયા એમણે આગમોની અંદર આ બધું વર્ણન વાંચ્યું અને એ પછી એમને એવું થયું કે આ વર્ણનને આપણે જો ચિત્રમય સ્વરૂપે બતાવીએ તો લોકોને સરળતાથી સહેલાઈથી સમજણ પડે કારણ કે એમ કહેવાય છે કે 1000 શબ્દોમાં જે ન કહી શકાય એ માત્ર એક ચિત્ર દ્વારા કહી શકાય છે. એટલા માટે એ ચિત્ર દ્વારા લોકોને સહેલાઈથી સમજ પડે એટલે પાછળથી 1000 વર્ષ પછી આ આગમો લખાયા પછી વસ્તુઓ કે ગ્રંથો વચ્ચે ભગવાનના નિર્વાણ પછી 1200 કે 1300 વર્ષે જે આચાર્ય ભગવાનતો થયા એને આનું ચિત્રમય સ્વરૂપ આપ્યું અને આપણી સમક્ષ મૂક્યું.એથી અત્યારે જે ચિત્ર મળે છે એ કેવળ જ્ઞાની ભગવાન મહાવીર સ્વામીએ કે કેવળી એ બતાવેલા નથી એટલી આપણે સ્પષ્ટતા કરવી જરૂરી છે. તેથી તે પ્રાચીન પદ્ધતિને વૈજ્ઞાનિક રીતે સમજવી જરૂરી છે. તેની સમજ ડૉ. જીવરાજ જૈને આપી છે. સાંખીયો ઠીક સાંખ્યક રુપ શું છે એ અહીં બતાવવામાં આવે છે.

વિજ્ઞાનમાં વિશ્વનું સ્વરૂપ અને તેમાં રહેલ પદાર્થનું સ્વરૂપ સંખ્યા વગેરે બે પદ્ધતિથી દર્શાવાય છે. 1. Aerial Projection System (APS) or (GPS) પદ્ધતિ જે કૃત્રિમ ઉપગ્રહમાં રહેલ કેમેરા દ્વારા પ્રાપ્ત થાય છે. તેમાં પદાર્થનો વાસ્તવિક આકાર, સ્થાન અને અંતર વગેરે પ્રત્યક્ષ જોઈ શકાય છે. ખૂબ જ મર્યાદિત સંખ્યામાં પદાર્થોના સ્થાન આકાર વગેરેની માહિતી મેળવવા આ પદ્ધતિ ઉપયોગી છે. આને ભૌગોલિક નકશો પણ કહે છે.

બીજી પદ્ધતિ statistical map એટલે કે સાંખ્યિકી પદ્ધતિ અર્થાત પિક્ટોગ્રાફ, જેનો ઉપયોગ અમર્યાદિત સંખ્યામાં રહેલા પદાર્થોના વિભાગીકરણ દ્વારા એક સરખા પદાર્થોને એક સાથે દર્શાવીને તેના સ્વરૂપ, સંખ્યા વગેરેની સામૂહિક માહિતી આપવામાં આવે છે. તેમાં દરેક પદાર્થનું અલગ અલગ સ્વરૂપ બતાવવામાં આવતું નથી. અહીં ચિત્રમાં બંનેના દ્રષ્ટાંતો આપ્યા છે જમીનનો ભાગ અને પાણીનો ભાગ જે છે એ જમીનની આસપાસ બતાવવામાં આવ્યો છે હવે આપણે જમ્બુદીપ ની વાત કરીએ તો એ એક લાખ યોજનનો બતાવવામાં આવ્યો છે અને એની સામે લવણ સમુદ્ર બે લાખ યોજનનો બતાવવામાં આવ્યો છે આ વસ્તુ એ બતાવે છે કે આપણું જે બ્રહ્માંડ છે જબુદ્વીપને આપણી ગેલેક્સી માની લઈએ તો આપણી જે વર્તમાન ગેલેક્સી છે માં જમીનનું જે પ્રમાણ છે એના કરતાં પાણીનો વિસ્તાર ડબલ છે.

ભૌગોલિક નકશા અને પીકટો ગ્રાફ નું કાર્યક્ષેત્ર શું છે એ જોઈએ

1. ભૌગોલિક પદ્ધતિમાં જે તે પ્રદેશને તેના અસલ આકારમાં દર્શાવાય છે, જે રીતે ઉપગ્રહ કે અવકાશમાંથી દેખાય છે. પિક્ટોગ્રાફ (સાંખ્યિકી)માં ભૌમિતિક આકૃતિ કે પટ્ટી ચાર્ટ કે વર્તુળાકાર ચાર્ટ રૂપે કુલ વિસ્તાર જ બતાવાય છે. દાખલા તરીકે કોમ્પ્યુટરની હાર્ડ ડિસ્ક એમાં જગ્યા કેટલી ભરાયેલી છે એ જોવા માટે અથવા તો પેન ડ્રાઈવ કેટલી ભરેલી છે એ જોવા માટે એના પર ક્લિક કરો તો એક ગોળાકાર બતાવશે તો એમાં અમુક ભાગ અમુક રંગનો આવશે અને અમુક ભાગ ખાલી બતાવવામાં આવશે તો આ એનો ચાર્ટ થયો હકીકતમાં કોમ્પ્યુટર કે હાર્ડ ડિસ્ક માં જે ફાઈલો હોય છે એ કોમ્પ્યુટરમાં જુદી જુદી જગ્યાએ હોય છે પણ એ બધાને એક સાથે બતાવે છે

2. ભૌગોલિક નકશામાં જે તે પ્રદેશ કે નદી, સમુદ્રનું ચોક્કસ વાસ્તવિક સ્થાન, આકાર સહિત બતાવાય છે, જ્યારે પિક્ટોગ્રાફમાં જે તે પ્રદેશ કે નદી, સમુદ્રના વિસ્તારને સામૂહિક રીતે કુલ ક્ષેત્રફળના સ્વરૂપમાં બતાવાય છે. ભારતનો જે નકશો છે એ કંઈ ચોરસ નથી એ અનિયમિત આકારનો છે એનું જો ક્ષેત્રફળ બતાવવું હોય તો એમ કહેવાય કે આટલા લાખ ચોરસ માઈલ છે અથવા તો આટલા લાખ ચોરસ કિ.મી છે. જે ચોરસ શબ્દ આવ્યો એનો મતલબ એ નથી કે ભારત એ ચોરસ આકારમાં છે પણ જ્યારે ક્ષેત્રફળ બતાવવામાં આવે ત્યારે ચોરસ શબ્દ વાપરવામાં આવે છે.

3. ભૌગોલિક નકશામાં જે તે પ્રદેશની બધા જ પ્રકારની લાક્ષણિકતાઓ દર્શાવી શકાય છે, જ્યારે પિક્ટોગ્રાફમાં વિવિધ પ્રકારની લાક્ષણિકતાઓ દર્શાવી શકાતી નથી માત્ર સામૂહિક રૂપે વિસ્તાર કે જથ્થાને ભૌમિતિક આકૃતિ સ્વરૂપે દર્શાવાય છે.

4. ભૌગોલિક પદ્ધતિમાં ગ્રહ જેવા નાના પદાર્થના કદ, આકાર, અંતર વગેરે બધી માહિતી દર્શાવી શકાય છે. તેમાં સ્કેલમાપ કદાચ ભિન્ન હોઈ શકે. જ્યારે સાંખ્યિકી પદ્ધતિમાં બધા જ ગ્રહોના દ્રવ્યને સામૂહિક રીતે ભૌમિતિક આકૃતિમાં દર્શાવાય છે પરંતુ અલગ અલગ દર્શાવી શકાતા નથી. તે જ રીતે જમીન અને પાણીના વિસ્તારને પણ સંયુક્ત રીતે ભૌમિતિક આકૃતિમાં જ દર્શાવાય છે. દાખલા તરીકે જંબુદ્વીપ પછી લવણ સમુદ્ર ડબલ છે અને લવણ સમુદ્ર પછી ધાતકી ખંડ એનાથી ડબલ છે ધાતકી ખંડ કરતાં કાલોદધી સમુદ્ર ડબલ છે. સમગ્ર બ્રહ્માંડની અંદર જમીનના વિસ્તાર કરતા પાણીનો વિસ્તાર ડબલ છે એ આપણા કેવળ જ્ઞાની તીર્થંકર પરમાત્માએ દર્શાવી દીધું છે.

5. બ્રહ્માંડના ભૌગોલિક નકશામાં વિભિન્ન ગેલેક્સી અર્થાત્ તારાવિશ્વ અલગ અલગ બિન્દુ કે ગોળાકાર સ્વરૂપે દર્શાવાય છે. તેમાં બે પરિમાણવાળા ફોટા સ્વરૂપે રાત્રિના આકાશ દર્શન તરીકે જોઈ શકાય છે. જ્યારે સાંખ્યિકી પદ્ધતિમાં પ્રકાશનું ઉત્સર્જન કરતા બધાજ તારાઓ સંયુક્તરૂપે પટ્ટી ચાર્ટ કે વલયાકાર ચાર્ટ રૂપે દર્શાવાય છે. પરંતુ દરેક તારાવિશ્વને અલગ અલગ દર્શાવી ન શકાય. આ પદ્ધતિ સ્વરૂપ આપણો 14 રાજલોકનો નકશો છે. પિક્ટોગ્રાફ અર્થાત્ સાંખ્યિકી પદ્ધતિ દ્વારા સમગ્ર બ્રહ્માંડનું સર્વગ્રાહી દર્શન થાય છે. અને અનંતા પદાર્થોને એક સાથે બતાવવા હોય ત્યારે આ સિવાય ચાલે નહીં. એક એક પદાર્થનું સ્વરૂપ બતાવી શકાય નહીં એટલે કેવળ જ્ઞાની તીર્થંકર પરમાત્માએ આ રીતે વર્ણન કરેલું છે તે માટે તે જ યોગ્ય છે.

પિક્ટોગ્રાફની મર્યાદાઓ

1. સાંખ્યિકી પદ્ધતિના ચાર્ટમાં જે તે પદાર્થોનું વાસ્તવિક સ્થાન બતાવી શકાતું નથી.

2. આ પદ્ધતિમાં જે તે પદાર્થનો વાસ્તવિક આકાર બતાવી શકાતો નથી.

3. આ પદ્ધતિમાં જે તે પદાર્થો વચ્ચેનું વાસ્તવિક અંતર બતાવી શકાતું નથી.

4. આ પદ્ધતિમાં જે તે પદાર્થોની વિભિન્ન ગતિઓ બતાવી શકાતી નથી. એટલે આ પદ્ધતિમાં આપણે ત્યાં પૃથ્વીનું સ્થાન જે બતાવવામાં આવે છે એ માત્ર સાંકેતિક રીતે બતાવવામાં આવે છે એટલે સ્થિર બતાવ્યું છે પણ એ સ્થિર નથી પણ એની ગતિ છે આ એની ચાર મર્યાદાઓ છે એટલે આ મેપ માં બતાવી શકાતી નથી

આ જ કારણથી આપણે 14 રાજલોકમાં કે અઢી દ્વીપમાં કે જંબુદ્રીપમાં આપણી ભૌગોલિક પૃથ્વીનું ચોક્કસ સ્થાન, ચોક્કસ આકાર, વિભિન્ન શહેરો, પર્વતો કે નદીઓ વચ્ચેના અંતર કે પૃથ્વીની દૈનિક ગતિ, વાર્ષિક ગતિ કે અયનગતિ જેવી લાક્ષણિકતાઓ દર્શાવી શકતા નથી.

ટૂંકમાં, ચૌદ રાજલોકનો નકશો કે અઢી દ્વીપનો નકશો કે જંબુદ્રીપનો નકશો એ ભૌગોલિક નકશો નથી પરંતુ સમગ્ર બ્રહ્માંડના બધા જ પદાર્થોને એક સાથે દર્શાવનાર સુશોભિત પિક્ટોગ્રાફ અર્થાત્ ચાર્ટ માત્ર છે, આ પ્રમાણે જોઈને સમજવામાં આવે તો આધુનિક વિજ્ઞાન સાથેના એના જે વિરોધ છે એ દૂર થઈ શકે એમ છે.

બાજુમાં ચિત્રમાં બતાવેલ ભૌગોલિક નકશામાં જે નદી અને પર્વત છે તેને સાંખ્યિકી પદ્ધતિમાં નીચેના ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે બતાવાય છે. નદી એ કોઈ દિવસ એક આકારમાં વહેતી નથી કે પર્વત પણ કોઈ દિવસ એક ચોક્કસ આકારમાં હોતા નથી. આપણે ત્યાં જંબુદ્વીપ ની અંદર જે પર્વતો દર્શાવવામાં આવ્યા છે એ એક ચોક્કસ ભૌમિતિક આકારમાં દર્શાવવામાં આવ્યા છે. તેથી જંબુદ્રીપ કે અઢી દ્વીપના નકશામાં જે પર્વતો અને નદી બતાવ્યા છે, તે વાસ્તવિક ચિત્ર નથી પરંતુ આપણી પૃથ્વી ઉપર કે વિવિધ પૃથ્વીઓ ઉપર રહેલ પર્વતો અને નદીઓનું સાંખ્યિકી ચિત્ર છે. કારણ કે જંબુદ્રીપ કે અઢી દ્વીપના નકશામાં બતાવ્યા પ્રમાણે કોઈપણ પર્વત કે નદી ક્યારેય કોઈ ચોક્કસ ભૌમિતિક આકૃતિમાં હોઈ શકે. આ સંશોધન ડૉ. જીવરાજ જૈનની બુદ્ધિપ્રતિભા દર્શાવે છે.

ભરતક્ષેત્રમા શું પર્વત અને નદી માત્ર બબ્બે જ છે. ગંગા અને સિંધુ સિવાય બીજી કોઈ નદી છે જ નહીં? તો ભરત ક્ષેત્રની અંદર ગંગાને બધી નદીઓના એક પ્રતિનિધિ સ્વરૂપે બતાવવામાં આવી છે વચ્ચેથી પર્વત બતાવવામાં આવ્યું છે એ વેતાઘ્ય કે હિમવન એ બધા પર્વતોના

સંયુક્ત પ્રતિનિધિ સ્વરૂપે બતાવવામાંના, ઘણા છે, પરંતુ તે બધાનો સમાવેશ બેમાં કરી દેવામાં આવ્યો છે. આ રીતે એને સમજવાનું છે

એક ચિત્ર બતાવ્યું છે એમાં આખા વિશ્વનું ચિત્ર છે પૃથ્વી ગોળ છે છતાં પૃથ્વીના બધા જ દેશોને એક લંબચોરસમાં સમાવી દેવામાં આવ્યા છે. એ દેશોને એના વાસ્તવિક આકારમાં દર્શાવવામાં આવ્યા છે અને બાજુના વર્તુળાકાર ની અંદર ક્ષેત્રફળ કેટલા પર્સન્ટેજ છે એ પાઈચાર્ટ દ્વારા બતાવવામાં આવ્યું છે એ રીતે નીચેનું જે ચિત્ર છે બહારના ભાગમાં સમુદ્ર બતાવવામાં આવ્યું છે અને અંદરના ભાગમાં જમીનનો ભાગ બતાવવામાં આવ્યો છે. તો આ રીતે જમીન અને સમુદ્ર કેટલા વિસ્તારમાં છે એ આ રીતે સ્ટ્રેટેજીકલ મેપ માં આ રીતે બતાવવામાં આવે છે. અહી  બતાવવામાં આવી છે આપણા મધ્ય લોકની અંદર અસંખ્યતા દ્વિપ અને સમુદ્ર છે દરેક કરતાં સમુદ્ર ડબલ મોટો બતાવવામાં આવ્યો છે એટલે સમગ્ર બ્રહ્માંડની અંદર જમીન કરતા પાણીનું પ્રમાણ ડબલ છે એવું એનાથી જાણવાનું છે.

જંબુદ્રીપ અને અઢી દ્રીપને મનુષ્ય ક્ષેત્ર કહે છે. અર્થાત્ મનુષ્યની વસતિ આ સિવાય કયાંય હોતી નથી. ખરેખરે, તીર્થંકરો કેવળજ્ઞાનથી મનુષ્યોની વસ્તિ ક્યાં ક્યાં છે તેની તેમને ખબર હતી. તેઓએ જેટલી પૃથ્વી ઉપર મનુષ્યની વસ્તિ જોઈ  તે બધીને એક સાથે અઢી દ્વીપમાં બતાવી દીધી છે. મારી ધારણા પ્રમાણે મનુષ્યની વસ્તિવાળી કુલ 256 પૃથ્વી હોવી જોઈએ. આતો મિનિમમ બતાવી છે પણ આધુનિક વિજ્ઞાન 1500 પૃથ્વી બતાવે છે એમાં મનુષ્યની વસ્તી છે કે કેમ એ મનુષ્યની વસ્તી છે કે કેમ એ આપણે નથી જાણતા.
તે આ પ્રમાણે 5 ભરત, 5 ઐરવત, 5 મહાવિદેહની 160 વિજય અર્થાત્ વિભાગ, 30 અકર્મભૂમિ આ અંતરને દર્શાવ્યું નથી. મનષ્યની વસ્તિ નકશામાં દર્શાવેલ અને 56 અન્તર્વીપ એ રીતે કુલ 256 પૃથ્વી ગેલેક્સી હોઈ શકે. અને તેમાં કદાચ આપણી ઉપર મનુષ્યો છે. તેઓનું એકબીજાથી દર્શાવેલ વિભિન્ન ક્ષેત્રો વાસ્તવિક અંતર તો હજારો કે લાખો પ્રકાશવર્ષ મનુષ્યની વસ્તિવાળી ભિન્ન હશે પરંતુ તે બતાવવું શક્ય ન હોવાથી તે ભિન્ન પૃથ્વીઓ હોવાનો સંભવ છે. એટલે આ મેપ ની અંદર 256 પૃથ્વી એક ભેગી કરીને 2.5 ની અંદર બતાવી દેવામાં આવી

છે અઢી દ્વિપની અંદર બતાવી દેવામાં આવી છે અને અઢી દ્વિપની બહાર કોઈ મનુષ્યની વસ્તી નથી એવું બતાવવામાં આવ્યું એનો મતલબ એ કે આ 256 પૃથ્વી જે છે એ સિવાય બીજે ક્યાંય પણ મનુષ્યની વસ્તી નથી પૃથ્વી હશે પણ મનુષ્યની વસ્તી ના હોય. મનુષ્ય ની વસ્તી આ 256 પૃથ્વી ઉપર હોવાની સંભાવના છે. અહીં જે જબુદ્દીપ બતાવવામાં આવ્યું છે એ કદાચ આપણી ગેલેક્સી હોઈ શકે જંબુદીપ ની અપેક્ષાએ 32 વિજય અને એક ભરત ક્ષેત્ર અને એક ઐરાવત  ક્ષેત્ર અને છ યુગલીયાના ક્ષેત્ર એમ મળીને કુલ 40  પૃથ્વી હોવી જોઈએ અને બાકીની ગેલેક્સીઓ બીજી હોવાની સંભાવના છે તો આ રીતે આ મેપ દ્વારા બધું જ સોલ્યુશન આપણને મળે છે .

મહાવિદેહમાં રહેલી બધી પૃથ્વીઓ ગોળ જ છે પરંતુ તે દરેકની ધરી બરાબર સીધી અર્થાત્ કાટખૂણે હશે તેથી ત્યાં રાત્રિ દિવસ કાયમના માટે સરખા હશે, તે કારણે ત્યાં ઋતુઓની વ્યવસ્થા નહિ હોય. પરિણામે કાયમના માટે એક સરખું જ વાતાવરણ હશે. તેથી જ એમ કહેવામાં આવ્યું કે મહાવિદેહમાં કાયમના માટે ચોથા આરા જેવું વાતાવરણ છે. અને હંમેશના માટે તીર્થંકરોનું શાસન પ્રવર્તે છે અને મોક્ષમાર્ગ ચાલુ છે. અને પુણ્ય પ્રકૃતિવાળા જીવો ત્યાં ઉત્પન્ન થાય અને મોક્ષે  જાય છે પણ અત્યંત પાપ પ્રકૃતિવાળા જીવો પણ એ પણ ત્યાં ઉત્પન્ન થાય અને ત્યાંથી સાતમી નારિયે જાય એટલે મહાવીદયમાંથી મોક્ષે જવાય એવો કોઈ નિયમ નથી સાતમી નરકે પણ જઈ શકાય છે.

જૈન બ્રહ્માંડમાં પ્રતિવિશ્વનો ખ્યાલ પણ આપવામાં આવ્યો છે. મેરુ પર્વત કેન્દ્રમાં છે તેની દક્ષિણે આપણું વિશ્વ છે અને ઉત્તરમાં પ્રતિવિશ્વ છે, જે એકદમ આપણા જેવું જ છે પરંતુ તે આપણા વિશ્વની મિરર ઇમેજ છે. ઐરવત ક્ષેત્ર આપણી વર્તમાન પૃથ્વી જેવું જ છે, પરિસ્થિતિ પણ એકસરખી છે. ત્યારે ત્યાં પણ પાંચમો આરો જ ચાલે છે ફક્ત તેની દિશાઓ ઉલટી છે અર્થાત્ તે દર્પણમાં દેખાતી આપણી પૃથ્વી જેવું છે. એટલે આપણે ત્યાં કહેવામાં આવે છે કે ભરત ક્ષેત્રની પૂર્વ દિશા એરાવત ક્ષેત્રની પશ્ચિમ દિશા અને ભરત ક્ષેત્રની પશ્ચિમ દિશા એ એરાવત ક્ષેત્રની પૂર્વ દિશા બને છે ઉત્તર એ દક્ષિણ બને અને દક્ષિણ એ ઉત્તર બને છે જેવું

વિશ્વ મેરુ પર્વતની આ બાજુ છે એવું જ પણ એનાથી ઊલટું પેલી બાજુ છે. જેને એન્ટી યુનિવર્સ કહેવાય છે. જેમ ફિઝિક્સની અંદર મેટર અને એન્ટી મેટર આવે છે એવી રીતે યુનિવર્સ અને એનટી યુનિવર્સિટી આવે છે. હવે જોવાની ખૂબી એ છે કે બ્લેક હોલની જે વાત આવે છે એમાં પણ બ્લેક હોલની આ બાજુ આપણું વર્તમાન યુનિવર્સ છે અને પેલી બાજુ યુનિવર્સ છે એનટી યુનિવર્સ છે ફિઝિક્સની અંદર આપવામાં આવેલું છે એ આપણા તીર્થંકર પરમાત્માઓએ પણ બતાવ્યું છે પૂરતું મર્યાદિત નથી પણ આ જમ્બુ દ્વીપ પૂરતું મર્યાદિત નથી પણ અઢી દ્વિપ અને માં પણ એ લાગુ પડે છે તીરછા લોકમાં પણ લાગુ પડે છે સાથે સાથે દેવલોક અને નરકમાં પણ લાગુ પડે છે. ભવન પતિ દેવોના પણ ઉત્તર દક્ષિણ વિભાગો હોય છે બંને દિશાઓના અધિકારી ઇન્દ્ર જુદા હોય છે એટલે આ રીતે યુનિવર્સ અને એનટી યુનિવર્સ વ્યવસ્થા સમગ્ર બ્રહ્માંડમાં 14 રાજલોકમાં છે એટલે આ સંશોધનનું એક બહુ મોટું ક્ષેત્ર છે.

આગળ વિડિયોમાં બતાવ્યું તે પ્રમાણે હિન્દુ પરંપરામાં બ્રહ્માંડનું સ્વરૂપ લગભગ જૈન પરંપરામાં બતાવેલ સ્વરૂપ જેવું જ છે. બહુ થોડો ફરક છે. પ્રાચીન કાળમાં ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓ તથા સંપ્રદાયોમાં આદાન-પ્રદાન થતું રહેતું તેથી એક અનુમાન એવું પણ કરી શકાય કે તત્કાલીન જૈન પરંપરામાં કદાચ હિન્દુ પરંપરામાંથી બ્રહ્માંડનું આ સ્વરૂપ આવ્યું હોય અથવા જૈન પરંપરામાંથી હિન્દુ પરંપરામાં તે સ્વીકારાયું હોય તેવું પણ બની શકે. અનુયોગ દ્વાર સૂત્રમાં બતાવ્યા પ્રમાણે ઉર્ધ્વલોકને ઉચ્ચ ગતિ લખ્યું છે દેવોની ગતિ ઊંચે કહેવાય એટલે એને ઉપર સ્થાન આપવામાં આવ્યું છે નરગતિ એ અધોગતિ કહેવાય એટલે એને નીચે સ્થાન આપવામાં આવ્યું છે એ પૃથ્વીનું લોકેશન બતાવતા નથી ઉચ્ચ ગતિ છે એટલું બતાવે છે હિન્દુ પરંપરામાં બતાવેલ બ્રહ્માંડનું સ્વરૂપ પણ સાંખ્યિકી પદ્ધતિનું જ છે. અને તેથી જ તેમાં બતાવ્યા પ્રમાણે કશું મળતું નથી. એને સમજાવવા માટે જીવરાજ જૈને જે પદ્ધતિ બતાવી છે એ અપનાવી પડે એવી છે.

ચૌદ રાજલોકના નકશાની જૂની સમજ ક્યારે લુપ્ત થઈ? ચૌદ રાજલોક, જંબૂદ્વીપ કે અઢી દ્વીપના નકશા ભગવાન મહાવીરસ્વામીએ બતાવ્યા જ નથી. તેથી કોઈ તે નકશાને સર્વજ્ઞ

પ્રણીત કહેતા હોય તો તે વાત સાચી નથી. ચૌદ રાજલોકનું સ્વરૂપ તો ભગવાને મૌખિક જ કહ્યું હતું અને તે મૌખિક પરંપરામાં તેમના નિર્વાણ બાદ 980 વર્ષ સુધી રહ્યું. તે પછી દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણે વલભીપુરમાં સર્વ આગમ લિપિબદ્ધ કરાવ્યા ત્યારે તે તાડપત્ર ઉપર લખાયાં. તે પછી 300-400 વર્ષે મહાન આચાર્ય ભગવંતો શ્રુતના આધારે પોતાની વિશિષ્ટ પ્રજ્ઞાનુસાર ચિત્રો કરાવ્યાં. આચાર્ય ભગવાનતો એ આ ચિત્ર બનાવ્યા એ પણ આજના સમય જેવા સાયન્ટિસ્ટ જ હતા મેધાવી હતા બુદ્ધિશાળી હતા એમણે પોતાની પ્રજ્ઞા અને બુદ્ધિથી આ ચિત્રો બનાવ્યા છે એટલે આજના જે સાયન્ટિસ્ટો છે એ એમના કરતાં પણ આ ઘણી ઊંચી કક્ષાના ની એમની બુદ્ધિ હતી અને એક જ નકશા ની અંદર ચૌદે રાજલોક આખા બ્રહ્માંડના બધા સ્વરૂપનું આપણને મળી જાય એ રીતે આ ચાર 14 રાજલોકનો નકશો એમણે બનાવી આપ્યો છે

– દિગમ્બર પરંપરામાં પણ શ્વેતાંબર પરંપરા પ્રમાણે જ બ્રહ્માંડનું વર્ણન મળે છે, તત્ત્વાર્થ સૂત્રમાં પણ તે જ પ્રમાણે છે મતલબ કે શ્વેતાંબરો અને દિગંબરો અલગ થયા તે પહેલાં જ પિક્ટોગ્રાફની સાચી સમજ લુપ્ત થઈ ગઈ હશે. ભગવાન મહાવીરે જ્યારે આ લોક સ્વરૂપ બતાવ્યું ત્યારે હિન્દુઓએ એનો વિરોધ કર્યો નથી બીજા કોઈએ લોકોએ એનો વિરોધ નથી કર્યો અને આપણા જૈનો  હિન્દુ પરંપરા કે વર્તમાન જે ભૂગોળ ખગોળ ની વાત છે એનો વિરોધ કર્યો નથી કારણ કે બંને એકબીજાને સમજતા હતા આપણે ત્યાં જૈન પરંપરામાં જે બ્રહ્માંડ દર્શાવ્યું છે એ સ્ટ્રેટેજીકલ મેપ છે જ્યારે ખગોળશાસ્ત્રીઓ જે દર્શાવે છે બ્રહ્માંડનું સ્વરૂપ એ ભૌગોલિક સ્વરૂપે છે એ બંનેને મિક્સ નથી કરવાના તકલીફ ત્યાં છે કે આપણે બંનેને મિક્સ કરી દીધા. સ્ટ્રેટેજીકલ મેપને આપણે ભૌગોલિક સમજી અને એના ઉપર આપણે બધું આરોપણ કરવા માંડ્યા એટલે આ બધી ગેરો સમજો પેદા થઈ. એ દૂર કરવા માટે આ સ્ટ્રેટેજીકલ મેપ ની જે પદ્ધતિ છે એ સમજાવી આવશ્યક છે.

ઉપસંહાર-Conclusion

ઉપર બતાવ્યું તે પ્રમાણે જૈન પરંપરા તથા હિન્દુ પરંપરામાં દર્શાવેલ બ્રહ્માંડના સ્વરૂપને તથા જંબુદ્વીપ કે અઢી દ્વીપના નકશાને જો ભૌગોલિક નકશા તરીકે ન લેતાં, ડૉ. જીવરાજજી

જૈનના સંશોધન પ્રમાણે સાંખ્યિકી પદ્ધતિ અર્થાત સ્ટેટેસ્ટિકલ ચાર્ટ તરીકે માનીને તેની સમજ આપવામાં આવે તો વર્તમાન ભૂગોળ કે ખગોળની સાથે કોઈ વિરોધાભાસ આવે નહિ અને આપણી તથા નવી પેઢીની ધર્મ ઉપરની શ્રદ્ધા અચળ રહે. આપણા આગમો ને ખોટા કહેવાના નથી સાથે સાથે વર્તમાન ખગોળ ભૂગોળ ને પણ આપણે ખોટા કહેવાના નથી જો આપણે આગમો ને સાચા માનીએ અને વર્તમાન ભૂગોળ ખગોળ ને સાચા કહીએ તો અભિનિવેશક મિથ્યાત્વ લાગે એટલા માટે આધુનિક ભૂગોળ ખગોળ ને ખોટા કહેવા જોઈએ નહીં. આપણી જે કોસમોલોજી છે એ સ્ટ્રેટેજીકલ મેપ દ્વારા કેવી રીતે સાચી છે એ આપણે આ રીતે સમજ આપીશું તો પરદેશના વિદ્વાનો પણ એને બરાબર સમજશે અને એના ઉપર અમારું અંગ્રેજી પુસ્તક પબ્લિશ કરવામાં આવ્યું છે અને ટૂંક સમયની અંદર બહાર આવશે. સુમંદિર વિદ્યાપીઠ દ્વારા એ પ્રકાશિત કરવામાં આવ્યું છે. હિન્દી ગુજરાતી  ભાષામાં આ પુસ્તકો મળશે અને હવે અંગ્રેજી લેટેસ્ટ વર્ઝન છે.

*******************************************************************